|| ૐ ||

## જ્ઞાનમંદિરના ઉજવાયેલા મહોત્સવોની યાદગાર તવારીખો : (૨)

- **સંવત ૨૦૬૫ (ઇ.સ. ૨૦૦૮)**
  ૫૦૧ બ્રાહ્મણ બટુકોના યજ્ઞ પવિતનો કાર્યકમ શ્રી શારદા એવમ્ જ્યોતિષ પીઠાધીશ્વર જગદ્ગુરુ શંકરાચાર્ય મહારાજ અ.વિ.પુ.સ્વામી શ્રી સ્વરૂપાનંદ સરસ્વતીજી મહારાજ તેમજ દંડીસ્વામી એવમ્ સાધુસમાજના સભાપતિ શ્રી મહંત બાપુશ્રી ગોપાલાનંદજી મહારાજ તેમજ ગિરનાર મંડળ અને અન્ય સાધુસંતો, મહંતોની હાજરીમાં અપૂર્વ શ્રદ્ધા પુર્વક ઉજવાયેલ.
- **સંવત ૨૦૬૮ (ઇ.સ. ૨૦૧૨)**
  'શ્રી જગજીવનબાપુ જન્મશતાબ્દિ મહોત્સવ' શ્રી શારદા એવમ્ જ્યોતિષ પીઠાધીશ્વર જગદ્ગુરુ શંકરાચાર્ય મહારાજ અ.વિ. પૂ. સ્વામિ શ્રી સ્વરૂપાનંદ સરસ્વતીજી મહારાજ, સંતો, મહંતો, મહામંડલેશ્વરોના સાનિધ્ય અને આર્શીવચનના સુંદર સમન્વયે સોનાચાંદીના કલાત્મક રથમાં તેમજ ગામે ગામથી સીમર ગામની દીકરીઓએ ખૂબજ ભાવપૂર્વક ભિંજાયેલ હૃદયના ભાવોથી લવાયેલ ૧૨૫ ગામની પાલખી દ્વારા અદ્ભુત રથયાત્રાને સન્માનિત કરી. વિમાન દ્વારા હજારો ભક્તોનો અવર્ણનીય અંતરના ભાવો અને વિશાળ જનમેદની દ્વારા સદ્ગુરુદેવના જય જયકારનો જયઘોષના ગગનભેદી સ્વરોથી નવાજાયેલી પુષ્પવૃષ્ટિ કરવામાં આવી હતી જે દ્રશ્ય લોક હૃદયમાં અતિસ્મરણીય યાદી રૂપે અંકિત થઈ ગયું.
- **સંવત ૨૦૬૮ (૨૦૧૨)**
  'જ્ઞાન મંદિર સુવર્ણ જયંતિ મહોત્સવ' મહાવિષ્ણુ યજ્ઞ, ધર્મોચાર્યો, સંતો, મહંતો અને વિદ્વાન પંડિતોના સાનિધ્યમાં વિશાળ ભક્તગણોના સથવારે ધામધૂમથી ઉજવાયો.

તદ્ઉપરાંત દરેક કુંભમેળામાં પ્રયાગરાજ, હરીદ્વાર, ઉજ્જૈન તેમજ નાસિક વિગેરે તિર્થમાં તેમજ શિવરાત્રી ગિરનાર જુનાગઢ મેળામાં, જ્ઞાનમંદિરના ઉતારા તેમજ સત્સંગ, પૂજાપાઠ અને મહાપ્રસાદની વ્યવસ્થા થાય છે.

અધિક માસમાં નર્મદા કિનારે હનુમંતેશ્વર, કાલેશ્વર (મુક્તેશ્વર) (આંધ્રમાં), હનુમાનગાળા (ગીર જંગલમાં), કુરુક્ષેત્ર (હરિયાણા) નૈમી ષારણ્ય, હરિદ્વાર, ગોકર્ણ, વૃંદાવન, દ્વારકા વિગેરે પવિત્ર તીર્થોમાં વિશાળ ભક્ત સમુદાય સાથે ભજન પારાયણ કાર્યક્રમના આયોજન થયા.

ભક્તો સાથે ભારતભરમાં પવિત્ર તીર્થોની યાત્રા આયોજન અવાર નવાર થતા રહ્યા, આ આયોજનો ભજન, પારાયણ, ગુરુપૂજન તથા સંત સેવા, આશ્રમોના દર્શન વગેરેના લીધે ઘણાજ હૃદયસ્પર્શી બની જતા.

### જ્ઞાનમંદિરની નિત્ય અને નિયમિત પ્રવૃત્તિઓ :

- સત્સંગ, ગુરુપુજન, ભજન, સાધુ સંત સેવા
- ભોજનાલય, અતિથિગૃહ
- જ્ઞાનવન
- આપાતકાલિન રાહતકાર્યો
- શ્રીકૃષ્ણ ગૌશાળા
- વૈદિક કર્મ
- જ્ઞાનઘાટ
- પ્રકાશન વગેરે.
- સંસ્કૃત વિદ્યાલય
- સુશ્રુષા
- યજ્ઞશાળા

આશ્રમની બધીજ પ્રવૃતિઓ દરેક માટે વિનામુલ્ય ચલાવવામાં આવે છે.

આ ઉપરાંત પ્રતિવર્ષ નીચે મુજબના ઉત્સવો નિયમિત ઉજવાય છે.

- **જન્મજયંતિ** : માગસર સુદ - ૬
- **સ્થાપનાદિન** : વૈશાખ સુદ - ૧૨
- **સ્મૃતિપારાયણ** : તા. ૧૭/૫ થી ૨૩/૫
- **નિર્વાણદિન** : આસો સુદ - ૧
- **કેવળજ્ઞાનદિન** : ચૈત્ર સુદ - ૧૦
- **ઉપાસના પર્વ** : વૈશાખ સુદ ૩ થી ૧૩
- **ગુરુપૂર્ણિમા** : અષાઢ સુદ - ૧૫
- **ઈત્યાદિ . . . .**

ભાવિક ભક્તોની નિષ્ઠાથી સીમર ઉપરાંત ઉના, બોરલી, ગાંગડા, ખજુદ્રા ગામે જ્ઞાનમંદિર તથા ઘાટકોપર, ડોંબીવલી, ઘનસોલી (નવી મુંબઈ) વિગેરે સત્સંગ સ્થળે પણ નિરંતર સત્સંગના કાર્યક્રમો થતા રહે છે.

## જ્ઞાનમંદિરના ઉજવાયેલા મહોત્સવોની યાદગાર તવારીખો : (૧)

- **સંવત ૨૦૩૦ (ઈ.સ. ૧૯૭૪)**
  મહાવિષ્ણુયાગ, શ્રદ્ધાભક્તિ પૂર્વક લોકોની વિશાળ હાજરીમાં સંપન્ન થયો.
- **સંવત ૨૦૩૫ (ઇ.સ. ૧૯૭૮)**
  પ.પૂ. સદ્‌ગગુરુદેવના ભંડારા નિમિત્તે શ્રીમદ્‌ ભગવદ્‌ગીતા પારાયણ (સપ્તાહ)
- **સંવત ૨૦૩૬ (ઇ.સ. ૧૯૮૦)**
  પ.પૂ. સદ્‌ગુરુદેવના જન્મ જયંતિ નિમિત્તે પ્રતિવર્ષ રથયાત્રા મહોત્સવ ઉજવવાનો પ્રારંભ થયો.
- **સંવત ૨૦૪૦ (ઇ.સ. ૧૯૮૪)**
  જ્ઞાનમંદિરનો જીર્ણોધ્ધાર તથા સંસ્કૃત વિદ્યાલયની સ્થાપના
- **સંવત ૨૦૪૪ (ઇ.સ. ૧૯૮૭)**
  હિરક મહોત્સવ પ્રસંગે અગ્નિપીઠાધીશ્વર આચાર્ય મહામંડલેશ્વર અ.વિ. શ્રી પ્રકાશાનંદજી મહારાજના અધ્યક્ષ પદે વિશાળ યજ્ઞોપવિત તથા સંસ્કૃત સંમેલન તેમજ ધર્મસભા વિગેરેનું પ્રેરક આયોજન.
- **સંવત ૨૦૪૪ (ઇ.સ. ૧૯૮૮)**
  દુષ્કાળના વર્ષમાં આશ્રમમાં કેટલ કેમ્પ ખોલી અને તેમાં દુષ્કાળપિડિત ગાયોને રાખી તેની સંપૂર્ણ સંભાળ લેવામાં આવી હતી.
- **સંવત ૨૦૪૯ (ઇ.સ. ૧૯૯૨)**
  મુખ્ય પ્રવેશદ્વારની અનાવરણ વિધિ પ્રસંગે વિશાળ યજ્ઞોપવિત કાર્યક્રમ, સંસ્કૃત સંમેલન વિગેરે પ્રેરક કાર્યક્રમોનું શ્રી શારદા એવમ્‌ જ્યોતિષ પીઠાધીશ્વર જગદ્‌ગુરુ શંકારાચાર્ય મહારાજ અ.વિ.પૂ.સ્વામી શ્રી સ્વરૂપાનંદ સરસ્વતીજી મહારાજના અધ્યક્ષ પદે અનેક સંતો અને વિદ્વાનો સાથેનું આયોજન.
- **સંવત ૨૦૫૫ (ઇ.સ. ૧૯૯૯)**
  અધિક માસ શ્રી જગજીવનબાપુ જ્ઞાનમંદિર પ્રતિષ્ઠા પ્રસંગો :
  - શ્રી સદ્‌ગુરુ દેવ સમાધી મંદિર
  - શ્રી સદ્‌ગુરુ દેવ ચરણરજ મંદિર
  - શ્રી સદ્‌ગુરુ દેવ જન્મભૂમિ
  - શ્રી સદ્‌ગુરુ સ્મારક
  - શ્રી યજ્ઞશાળા
  - શ્રી જ્ઞાન સરોવર
  - શ્રી ગૌશાળા
  - શ્રી પાંજરાપોળ
  - શ્રી જ્ઞાનવન
  - શ્રી સૂર્યકુંડ
  - શ્રી ભોજનાલય
- **કલ્યાણકારી વિવિધ ધાર્મિક કાર્યક્રમો**
  - શ્રી ૧૦૦૮ પોથી શ્રી સદ્‌ગુરુ ભજનામૃત પારાયણ
  - શ્રીમદ્‌ ભગવદ્‌ગીતા સપ્તાહ
  - શ્રી અખંડ ધૂન-કીર્તન સપ્તાહ
  - શ્રી અતિવિષ્ણુ યાગ
  - શ્રી ચતુર્વેદ પારાયણ
  - શ્રી સનાતન ધર્મ મૂર્તિ-પ્રદર્શન
- **સંવત ૨૦૫૯ (ઇ.સ. ૨૦૦૨)**
  અષ્ટપ્રહર શ્રી ગુરુપૂજન દંડીસ્વામી એવમ્‌ સાધુસમાજના સભાપતિ શ્રી મહંત બાપુશ્રી ગોપાલાનંદજી મહારાજ  ત્થા અન્ય સાધુ, સંતો, મહંતોની ઉપસ્થિતિમાં ભાવભીની રીતે ઉદ્વવાયો.
- **સંવત ૨૦૬૨ (ઇ.સ. ૨૦૦૫) / સંવત ૨૦૬૮ (ઇ.સ. ૨૦૧૨)**
  શ્રી સદ્‌ગુરુગાદી સમન્વય મહોત્સવ